અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે બંધ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો સામે ૧૪ નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ફાળવવા બાબત...

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : પવછ/૧૫૨૦૧૦/૧૯૬/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૦૧ /૦૭/૨૦૧૦

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગના તા:૨૮/૧૦/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંકઃ પવછ/ ૧૫૦૮/ન.બા-૧૩/ગ
૨. કમિશનરશ્રી, આ.વિ.નો તા:૨૦/૩/૨૦૧૦ નો પત્ર ક્ર: આવિ/ છતલ/ ૨/ ૦૯-૧૦/૪૧૮

ઠ રા વ :-

આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના અનુસૂચિત જનજાતિના ગ્રાન્ટ-ઈન- એઈડ છાત્રાલય પૈકી કેટલીક છાત્રાલયો અનિયમિત સંચાલન કે અન્ય કારણોસર બંધ કરવામાં આવતાં ૧૪ જેટલા છાત્રાલયો હાલમાં બંધ હાલતમાં છે. આમુખ ક્રમાંક(૧) નિર્દિષ્ટ ઠરાવની જોગવાઈથી બંધ સામે ૧૪ નવા છાત્રાલયોની મંજુરી આપવામાં આવેલ છે અને તે અંગેના ખર્ચનો વર્ષ ૨૦૦૯-૧૦ ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ છે.

સદરહુ મંજુરી અન્વયે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી અરજીઓ મેળવવા વર્તમાનપત્રોમાં જાહેરાત આપી, જિલ્લા તકેદારી અધિકારીશ્રીઓ મારફત અરજીઓ મેળવવામાં આવેલ હતી. ઉક્ત દરખાસ્તો પૈકી ૧૪ જેટલી મર્યાદિત સંખ્યામાં બંધ સામે નવા છાત્રાલયો મંજુર કરવાના હોઈ જિલ્લાવાર અનુ.જનજાતિની વસતીનું પ્રમાણ, શિક્ષણની ટકાવારી, અંતરિયાળ વિસ્તારો તથા તાલુકાવાર છાત્રાલયનું પ્રમાણ તથા કન્યા કેળવણીને ઉત્તેજન, વગેરે ધ્યાને લઈને તેમજ ગુજરાત રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી પછાતવર્ગ માટેની હોસ્ટેલોને માન્યતા અને સહાયક ગ્રાન્ટ આપવાને લગતા તત્કાલિન શિક્ષણ અને મજુર વિભાગના તા:૨૨/૫/૬૯ના ઠરાવ નં.બી.સી. એચ. ૧૦૬૭ / ૩૭૦૮ (૬૯)જ, તેમજ ત્યારપછીના આ અંગેના વખતોવખતના ઠરાવોથી નક્કી થયેલ નિયમોને આધિન, સામેલ પત્રક મુજબ જુન-૨૦૧૦ થી છાત્રાલયો શરૂ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

૨, આ અંગેના વિગતવાર હુકમો છાત્રાલય સંચાલન માટે વખતો વખતની સુચનાઓને અનુસરીને નીચેની બાબતોમાં ચકાસી/ ખરાઈ કે વિગતપૂર્તતા કરીને કમિશનરશ્રી, આદિજાતિ વિકાસએ આ વિભાગની જાણ હેઠળ કરવાના રહેશે.

૧. સંસ્થા તરફથી રૂા.૫૦૦/- નોન-રીફંડેબલ ફી ચલણથી ભરેલ હોવાની ખરાઈ કરી લેવાની રહેશે.
૨. સંસ્થાની દરખાસ્તમાં છેલ્લા ઓડિટ કરવામાં આવેલ હિસાબોના પત્રકની નકલ સામેલ ન હોય તે મેળવી લેવાની રહેશે તથા સંસ્થાની આર્થિક સધ્ધરતાની ચકાસણી કરી લેવાની રહેશે.
૩. સંસ્થા ધ્વારા આવા અન્ય પ્રોજેકટસનું સંચાલન કરવામાં આવતુ હોય તો આવા પ્રોજેકટસના સંચાલન અંગેનો સંસ્થાનો રેકર્ડ સંતોષકારક હોવાની ચકાસણી કરી લેવાની રહેશે

૪. સંસ્થા જે મકાનમાં છાત્રાલય શરૂ કરનાર છે તે મકાનમાં નિયમ અનુસાર ભૌતિક સુવિધાઓની ઉપલબ્ધતાની ચકાસણી કરી લેવાની રહેશે.

૫ છાત્રાલયનું સંચાલન કરતી સ્વૈચ્છિક સંસ્થાની પ્રસંદગી /માન્યતા માટેના માપદંડનું પત્રક સામેલ છે, જેનું ચુસ્તપણે પાલન કરવાનું રેહેશે.

કમિશનરશ્રીએ આ છાત્રાલયોની ધોરણસરની કાયમી માન્યતા આપતી વખતે છાત્રાલય શરૂ થયાનું નિયત પત્રક અનુસુચિ-ક અને છાત્રાલય શરૂ કર્યાની માહિતીનું પત્રક-ખ માં જણાવ્યા પ્રમાણે,

૧. જાજરૂ બાબથરૂમની પ્રર્યાપ્ત સગવડ (૨)૪૦ ફુટ પ્રમાણે વિધાર્થીઓને રહેવાની સગવડ(૩) ફર્નીચર અને રસોડાના વાસણો (૪) ગૃહમાતા નિવાસ્થાન(૫)રસોડું અને કોઠાર રૂમ(૬) પાણીની પ્રર્યાપ્ત સુવિધા છે કે કેમ ?(૭) મકાન હવા ઉજાસમાં છે કે કેમ ?(૮) છાત્રાલયમાં રમતગમતનું મેદાન છે કે કેમ ?(૯)છાત્રાલયનાં મકાનમાં પર્યાપ્ત વિજળીકરણ કરેલ છે કે કેમ? (૧૦)છાત્રાલય શરૂ કરવામાં આવનાર છે તે વિસ્તારમાં ધો.૮ થી ૧૦ તથા ધો.૧૧,૧૨ ની માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા છે કે કેમ? (૧૧) આદિવાસી બાળકોની પુરતી સંખ્યા છે કે કેમ ? (૧૨) છાત્રાલયમાં છાત્રોને પૌષ્ટીક ખોરાક આપવામાં આવે છે કે કેમ ?(૧૩) વિધાર્થીઓને વાંચવાના પુસ્તકો/ સામાયિકોની સગવડ છે કે કેમ (૧૪)ગૃહપતિ /ગૃહ માતાની નિમણુંક કરેલ છે કે કેમ ? (તેના શૈક્ષણિક લાયકાત પ્રમાણપત્રોની ખરી નકલ તથા જાતિના પ્રમાણપત્રો મેળવી ચકાસી લેવા ) (૧૫) ગૃહપતિ / ગૃહ માતાના નિમણુંકનો આદેશ તકેદારી અધિકારીની બહાલી પત્ર સાથેની વિગતો મેળવી ચકાસણી કરવી, (૧૬) રસોયા અને ચોકીદારની નિમણુંક અંગે શૈક્ષણિક લાયકાતની ખરી નકલો ચકાસવી,

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસએ ઉપરોક્ત વિગતો સહિતની દરખાસ્તો મેળવી તેની પુરતી ચકાસણી કર્યા બાદ ધોરણસરની કાયમી માન્યતા આપવાની રહેશે ત્યારબાદ નિયમોનુસાર ગ્રાન્ટ ચુકવવાની રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પરની તાઃ૨૯/૬/૨૦૧૦ના રોજ મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Bhatt

સેકશન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

બિડાણઃ પત્રક

પ્રતિ,

કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર

(સંબંધિત કચેરી તથા સંસ્થાઓને તેમની નકલો આપની કક્ષાએથી પહોંચાડવા વિનંતી સહ)

નકલ રવાનાઃ-

- મહામહિમ રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ,
- સિલેકટ ફાઈલ.

## બંધ સામે નવા ફાળવાયેલ કન્યા / કુમાર છાત્રાલયોની યાદીઃ-

| ક્રમ | છાત્રાલય બંધ કરવામાં આવેલ છે તે સંસ્થાનું નામ | બંધ કરવામાં આવેલ છાત્રાલયનું નામ | બંધની સામે નવા ફાળવેલ છાત્રાલય તથા સંસ્થાનું નામ તથા સરનામું |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | શ્રી અરવલ્લી વિકાસ ટ્રસ્ટ,મુ.ધોળીવાવ તા.વિજયનગર જિ.સાબરકાંઠા | ઝાંસીલક્ષ્મી કન્યા છાત્રાલય, આંતરસુબા તા.વિજયનગર જી.સાબરકાંઠા | માલેગામ કુમાર છાત્રાલય (ધો.૮,૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે) પ્રયોશા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ આહવા, |
| ૨. | તાપી વિસ્તાર વિકાસ મંડળ, નિઝર તા. નિઝર જી.સુરત | જયપ્રકાશ કુમાર છાત્રાલય, નિઝર તા.નિઝર જી.સુરત | કન્યા છાત્રાલય કરંજવેરી તા.ધરમપુર ધો.૮ થી ૧૦ સમાજસેવા મંડળ કરંજવેરી |
| ૩. | તાપી વિસ્તાર વિકાસ મંડળ, નિઝર તા. નિઝર જી.સુરત | લાવણ્ય કન્યા છાત્રાલય,નિઝર તા.નિઝર જી.સુરત | વાંગણ, કન્યા છાત્રાલય તા. વાંસદા જી.નવસારી શ્રી માનવ સર્જન કેળવણી મંડળ, મનપુર તાઃ વાંસદા જી.નવસારી |
| ૪. | શ્રી સપ્તક કેળવણી મંડળ, ચોરા માલવડા, રાજપીપળા | કન્યા છાત્રાલય,ધારોલી જિ. નર્મદા | વાંકલા કુમાર છાત્રાલય તા.વ્યારા જી.તાપી શાંતિધન સેવા ટ્રસ્ટ વાંકલા બીલીમોરા, જિ.નવસારી, |
| ૫. | દિવ્ય જયોતિ સેવાશ્રમ સિસોદરા પો.બાઠીવાડા તા. મેઘરજ જી.સાબરકાંઠા | સર્વોદય કુમાર છાત્રાલય સિસોદરા તા.મેઘરજ જી.સાબરકાંઠા | કુમાર છાત્રાલય અનાવલ, વલ્લભ માનવોધારક ટ્રસ્ટ અનાવલ, જી.સુરત |
| ૬. | ધી આદિવાસી વિકાસ યુવક મંડળ ઘાસવાડા મુ.પો.ઘાસવાડા તા.કડાણા જી.પંચમહાલ | નવજીન કુમાર ગોધરા (ઉત્તર) તા. કડાણા જી. પંચમહાલ | સેલંબા કન્યા છાત્રાલય નર્મદા વિકાસ મંડળ સેલંબા તા.સાગબારા, જી.નમદા |
| ૭. | સુખાબારી વિભાગ આદિવાસી કેળવણી મંડળ, મુ.સુખાબારી તા.વાંસદા જી. નવસારી | સર્વોદય કુમાર છાત્રાલય મુ.સુખાબારી તો વાંસદા જી.નવસારી | શ્રી જયમાતાજી કન્યા છાત્રાલય સિલુડી શ્રી જયમાતાજી એજયુ.ટ્રસ્ટ મુ.પો.વાલીયા જી.ભરૂચ |
| ૮. | સુખાબારી વિભાગ આદિવાસી કેળવણી મંડળ, મુ.સુખાબારી તા.વાંસદા જી. નવસારી | કન્યા છાત્રાલય મુ.સુખાબારી તા.વાંસદા જી. નવસારી | કસ્તુરબા કન્યા છાત્રાલય થવા ગ્રામ નિર્માણ કેળવણી મંડળ થવા તા.વાલીયા, જી.ભરૂચ |

| | | | |
|---|---|---|---|
| ૯. | નિઝર મહાલ કેળવણી મંડળ કુકરમુંડી | કુમાર છાત્રાલય નિઝર જી.સુરત | કુમાર છાત્રાલય મુ.વાવ (બાકરોલ) તા. ઘોઘંબા<br>શ્રી હાથણીમાતા સર્વાંગી વિકાસ મંડળ, નાથકુવા તા.ઘોઘંબા જી.પંચમહાલ |
| ૧૦. | ભરૂચ જિલ્લા પછાત સેવા ટ્રષ્ટ કાવિઠા | અંકિતા કન્યા છાત્રાલય મકતપુરા | આંબલી કુમાર છાત્રાલય<br>શ્રી સ્વામિનારાયણ સેવા સંઘ તા. જી.દાહોદ |
| ૧૧. | શ્રી મોટીરાઠ વિભાગ આદિવાસી વિકાસ કેળવણી મંડળ મોટીરાઠ તા.કડાણા જી.પંચમહાલ | આદર્શ કુમાર છાત્રાલય મોટીરાઠ તા. કડાણા જી.પંચમહાલ | આદિવાસી કન્યા છાત્રાલય, મુ.બાર તા. લીમખેડા જી.દાહોદ<br>શ્રી સાંઈબાબા એજયુ.એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દેવગઢબારીયા |
| ૧૨. | સાબર એજયુકેશન ટ્રષ્ટ મુ.મહેતાપુરા તા. હિંમતનગર જી.સાબરકાંઠા | અરણ્ય ભારતી કુમાર છાત્રાલય અભાપુર તા. વિજયનગર જી.સાબરકાંઠા | કન્યા છાત્રાલય મકવાણાના વરૂણા કુંડલા<br>ચેહર એજયુ.ટ્રસ્ટ કુંડલા જી.દાહોદ |
| ૧૩. | ભીલ સેવા મંડળ દાહોદ જી.દાહોદ | કુમાર આશ્રમ મંડોર | દુધીયા કન્યા છાત્રાલય<br>પવનપુત્ર આદિજાતિ વ્યાયામ મંડળ દાસા, તા. લીમખેડા જી.દાહોદ |
| ૧૪. | ઉંટડી વિભાગ કેળવણી મંડળ ઉંટડી તા.જી.વલસાડ | આદિવાસી કુમાર છાત્રાલય ઉંટડી તા.જી. વલસાડ | કુમાર છાત્રાલય વસઇ તા.વિજયનગર જી.સાબરકાંઠા<br>શ્રી અંબિકા કેળવણી મંડળ નાલશેરી , તા.વિજયનગર જી.સાબરકાંઠા |